પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૧૭ | ૨૯ જાન્યુઆરી, ૨૦૧૯, મંગળવાર; પોષ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**સત્તામાં આવીશું તો ગરીબોને ન્યૂનતમ આવકની ગેરન્ટી**

# રાહુલનું ગરીબ કલ્યાણ કાર્ડ



**છત્તીસગઢમાં રાહુલ ગાંધીએ મોટી જાહેરાત કરતા ભાજપ ચિંતિત : તમામ રાજ્યોમાં ગરીબોને લઘુત્તમ આવક આપવા માટે કોંગી ઇચ્છુક : જ્યાં સુધી લાખો લોકો ગરીબીમાં રહેશે ત્યાં સુધી ન્યુ ઇન્ડિયા બનાવી શકાશે નહીં**

રાયપુર, તા. ૨૮

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે એક મોટી જાહેરાત છત્તીસગઢમાં કરીને ભાજપની ઉંઘ હરામ કરી દીધી હતી. રાહુલ ગાંધીએ વચન આપ્યું છે કે, જો ૨૦૧૯માં કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવશે તો દરેક ગરીબને લઘુત્તમ આવકની ગેરંટી આપવામાં આવશે. રાહુલે કહ્યું હતું કે, આ એક ઐતિહાસિક પગલું છે. આનાથી ગરીબી અને ભુખમરાને ખતમ કરવામાં મદદ મળશે. રાહુલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, મોદી અને ભાજપ બે ભારત બનાવવા માટે ઈચ્છુક છે. નવા રાયપુરમાં ખેડૂત રેલીને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, જે રીતે કોંગ્રેસ પાર્ટીએ મનરેગામાં ૧૦૦ દિવસ માટે રોજગારી ગેરંટી આપી હતી. માહિતીના અધિકારમાં ગેરંટી સાથે બ્યુરોકેસીના દરવાજા ખુલ્યા હતા. ભોજનના અધિકારની ગેરંટી આપી હતી તેવી જ રીતે હવે ન્યુનતમ ગેરંટી નાણાની પણ આપવામાં આવશે.

મોદી ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, ભાજપ અને દેશના વડાપ્રધાન બે ભારત બનાવવા ઈચ્છુક છે. એક રાફેલ કૌભાંડ અને ઉદ્યોગપતિઓના મિત્રોનું ભારત અને અન્ય ગરીબ ખેડૂતોનું ભારત બનાવવા ઈચ્છુક છે. પાક વિમા યોજના ઉપર પ્રશ્નો ઉઠાવતા રાહુલે કહ્યું હતું કે, ખેડૂત પોતાના પૈસા વિમા કંપનીને આપે છે અને કમોસમી વરસાદની સ્થિતિમાં તેના પૈસા મળતા નથી. અનિલ અંબાણીને પુરતા પૈસા મળી જાય છે. લોન માફી યોજનાનો વિરોધ કરતા રાહુલે કહ્યું હતું કે, અમે વિપક્ષમાં છીએ ત્યારે પણ ખેડૂતોની લોન માફીની વાત કરીએ છીએ. સરકારમાં જ્યારે પુછવામાં આવે છે ત્યારે જવાબ મળે છે પૈસા નથી. ભારતના ચોકીદારની પાસે છત્તીસગઢના ખેડૂતો માટે ૬૦૦૦ કરોડ રૂપિયા નથી પરંતુ અનિલ અંબાણી માટે ૩૦૦૦૦ કરોડ રૂપિયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# અમે છેડતા નથી પણ છેડનારને છોડતા પણ નથી : મોદી

ન્યુ દિલ્હી,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં આયોજીત નેશનલ કેડેટ કૉર્પ્સ (દ્નઝ્રઝ્ર) રેલીમાં ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ તમારી સાથે વાતચીત કરવા માટે આવું છું તો અતીતની કેટલીય યાદો ઉભરીને સામે આવે છે. આ દિવસ જે આજે તમે જીવી રહ્યા છો, મને પણ આ ક્ષણોને જીવવા પણ નથી.

એનસીસી કેડેટ્સને સંબોધિત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે અમારી સેના એ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે અમે

**દેશની સુરક્ષા માટે ભવિષ્યમાં વધારે આકારા પગલા લઈશું, ભારત પાસે જળ, થલ અને નભથી હુમલો કરવાની ક્ષમતા, જો રાષ્ટ્ર સુરક્ષિત રહેશે તો યુવાન પોતાના સપનાં સાકાર કરી શકશે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એનસીસી કેડેટ્સને સંબોધિત કરી. તેમણે પોતાના ભાષણની શરૂઆતમાં કહ્યું કે જ્યારે પણ હું મળી છે. તેની સાથે જ પીએમ મોદીએ કહ્યું કે અમારી સેના એ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે અમે છેડતા નથી પરંતુ છેડવા પર છોડતા છેડતા નથી પરંતુ કોઈએ અમને છેડ્યા તો અમે તેને છોડતા પણ નથી. અમે શાંતિના પ્રબળ સમર્થક

● અનુસંધાન પાન-૭ પર



## ૨૮ ફેબ્રુઆરી પહેલાં તમામ બદલીઓ પૂર્ણ કરી દેવા ચૂંટણી પંચનો રાજ્યોને આદેશ

ન્યુ દિલ્હી,તા.૨૮

લોકસભા ચૂંટણી ૨૦૧૯ને લઈને અનેક અટકળો ઉઠી રહી છે ત્યારે ચૂંટણી પંચે વહેલી ચૂંટણી થવાના સંકેત આપ્યા છે. ચૂંટણી પંચ દ્વારા તમામ રાજ્યોને આ મામલે આદેશ કરાયા છે અને ૨૮ ફેબ્રુઆરી પહેલા વિગતો મોકલી આપવા આદેશ કરાયો હોવાનું સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. તમામ રાજ્યોમાં ઉચ્ચ અધિકારીઓની જો બદલી કરવાની હોય તો એ ૨૮ પહેલા પૂર્ણ કરી દેવા સુચના આપવામાં આવી છે.

## યોગી સરકાર સમૂહ લગ્ન યોજના હેઠળ ૫૧ હજાર રૂપિયા આપશે

લખનઉ,તા.૨૮

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સમૂહ લગ્ન યોજના હેઠળ હવે ૫૧ હજાર રૂપિયા આપવાની ઘોષણા કરી છે. પહેલા ૩૫ હજાર રૂપિયા અપાતા હતા. પ્રજાસત્તાક દિનનાં મોકા પર તેઓએ કહ્યું કે ગરીબો અને વંચિતો તેમના હક મળવા એ બંધારણની આત્માનું સન્માન છે. યોગીએ કહ્યું કે કન્યાદાન કરવું એ પવિત્ર વસ્તુ છે. રાજ્ય સરકારે ૨૦૧૭-૧૮માં ગરીબ પરિવારની કન્યા માટે સમૂહ લગ્ન યોજના શરૂ કરી હતી.

## ન્યુઝ ટ્રેક

**યુપીમાં લડાકુ વિમાન દુર્ઘટનાગ્રસ્ત**

ગોરખપુર વાયુસેના સ્ટેશન પરથી ઉડાન ભરનાર લડાકુ વિમાન જેગુઆર કુશીનગર વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત બની ગયુ હતુ. જોકે પાયલોટ પેરાશુટની મદદથી સુરક્ષિત નીચે ઉતરી ગયો હતો.

**ક્રિકેટર અંબાતી રાયડુ પર પ્રતિબંધ**

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ અંબાતી રાયડુને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બોલીંગ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ૧૩ જાન્યુઆરીના રોજ ઓસ્ટ્રેલીયા વિરૂદ્ધની મેચમાં રાયડુ વિરૂદ્ધ ફરીયાદ કરવામાં આવી હતી.

**અસમ વિસ્ફોટ મામલે ૧૫ને સજા સંભળાવાશે**

૨૦૦૮માં અસમમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકાઓ મામલે સીબીઆઈની વિશેષ કોર્ટે એક નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે નેશનલ ડેમોક્રેટીક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડના પ્રમુખ રંજન દૈમારી અને અન્ય ૧૪ને દોષી જાહેર કર્યા છે. બુધવારે દોષીઓને સજા સંભળાવાશે.

# સમગ્ર ઉત્તર ભારત ઠંડુગાર

**ટ્રેન, વિમાની સર્વિસને માઠી અસર થઇ : લો વિઝિબિટિલીટીના કારણે વિમાની સેવા ખોરવાતા લોકો અટવાયા :કાતિલ ઠંડી વચ્ચે લોકો સ્ટેશન ઉપર અટવાયા : કારગિલમાં માઇનસ ૨૦ ડિગ્રી તાપમાન**



નવી દિલ્હી,તા. ૨૮

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. જનજીવન પર માઠી અસર થઈ છે. ધુમ્મસ અને કાતિલ ઠંડીના કારણે અનેક ટ્રેનો મોડેથી દોડી રહી છે. વિમાની સેવા પર પણ માઠી અસર થઈ છે. આગામી સપ્તાહમાં વરસાદની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે સવારે દિલ્હી સહિત ઉત્તર ભારતમાં અનેક સ્ટેશનો પરથી ટ્રેનો મોડેથી દોડી રહી છે. લો વિજિબિલિટીના કારણે દિલ્હીની ૧૬ ટ્રેનો લેટ થયેલી છે. તમામ ટ્રેનો નિર્ધારિત સમય કરતા મોડેથી દોડી રહી છે. ધુમ્મસના કારણે કેટલીક જગ્યાએ અકસ્માત થયા હોવાના હેવાલ પણ મળ્યા છે. દરમિયાન હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં હિમ વર્ષા જારી રહી છે. તાપમાન માઈનસમાં છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમા પણ હાડ ગાળી નાંખે તેવી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં પણ લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. પારો ખુબ ગબડી ગયો છે. કાશ્મીર ખીણમાં ભારે હિમવર્ષા માટેની આગાહી અકબંધ રાખવામાં આવી છે. હિમાચલપ્રદેશમાં પણ ઉંચાણવાળા વિસ્તારમાં ભારે હિમવર્ષા થઈ છે. ટ્યુરિસ્ટ સ્થળો કુલ્લુ જિલ્લામાં મનાલીમાં માઈનસમાં તાપમાન રહ્યુ છે. દિલ્હી અને એનસીઆરમાં પણ હાલત કફોડી બનેલી છે. જમ્મુ કાશ્મીરમાં પાણીના સ્ત્રોતમાં બરફ જામી જતા હાલત કફોડી બનેલી છે.શ્રીનગરમાં રાત્રી તાપમાન માઈનસ ૧.૪ ડિગ્રી રહ્યુ છે. લેહમાં માઈનસ ૧૫.૫ ડિગ્રી તાપમાન રહ્યુ છે. જ્યારે કારગીલમાં પારો માઈસ ૨૦.૭ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. કાશ્મીર હાલમાં ચિલાઈ કાલનના ગાળા હેઠળ છે. ૪૦ દિવસનો આ ગાળો ઠંડીનો સૌથી મુશ્કેલ ગાળો હોય છે. આની પૂર્ણાહુતિ હવે ૩૧મી જાન્યુઆરીના દિવસે થશે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારત ઠંડુગાર થઈ જતા જનજીવન ખોરવાઈ ગયુ છે.

## કર્ણાટકમાં કુમારસ્વામીની રાજીનામુ આપવા ચિમકી

**ટોપ લીડરશીપ કોંગ્રેસી ધારાસભ્યોને અંકુશમાં રાખે તેવી કુમારસ્વામીએ માંગ કરી : સિદ્ધારમૈયા બચાવના મૂડમાં**

બેંગ્લોર, તા. ૨૮

કર્ણાટકમાં કુમારસ્વામી સરકાર એક પછી એક મુશ્કેલીનો સામનો કરી રહી છે. કર્ણાટકમાં સંકટ વધુ ઘેરુ બની ગયું છે. કોંગ્રેસના ધારાસભ્યોના વર્તનથી નારાજ મુખ્યમંત્રી કુમારસ્વામીએ હવે મુખ્યમંત્રીપદેથી રાજીનામુ આપી દેવાની ધમકી આપી દીધી છે. સિદ્ધારમૈયા કેમ્પ તરફથી કરવામાં આવી રહેલા હુમલાઓથી ત્રાસી ગયેલા કુમારસ્વામીએ કહ્યું છે કે, કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યો મર્યાદા કુદાવી રહ્યા છે. કોંગ્રેસના નેતા આવા ધારાસભ્યો ઉપર અંકુશ મુકે તે જરૂરી છે. સિદ્ધારમૈયાના સમર્થકો સિદ્ધારમૈયાને જ પોતાના મુખ્યમંત્રી ગણાવી રહ્યા છે. કુમારસ્વામીએ આજે સિદ્ધા સમર્થકોના નિવેદન ઉપર મિડિયા સાથે વાતચીત કરાત કહ્યું છે કે, કોંગ્રેસના નેતૃત્વને આ

● અનુસંધાન પાન-૭ પર

**કડવા પાટીદાર સમાજની આયોજન મીટીંગ**

વિશ્વ ઉમિયા દિવ્યરથનું ગાંધીનગર શહેરમાં આગમન થનાર છે. તેના ભાગરૂપે તા. ૪/૨/૨૦૧૯ના રોજ રાત્રે ગરબા અને તા. ૫/૨/૨૦૧૯ના રોજ સવારે ૭ થી રાત્રીના ૮ કલાક દરમિયાન ઉમિયા રથયાત્રા યોજવાના પૂર્વ આયોજનની બેઠક સમાજના તમામ આગેવાનો, ટ્રસ્ટીશ્રીઓ, તમામ ગોળ સમાજના પ્રમુખ / મંત્રીઓ અને કારોબારી, સમિતિઓ, યુવાનો અને મહિલાઓની બેઠક તા. ૨૯/૧/૨૦૧૯ને મંગળવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે ઉમા સમાજ ભવન હોલ ખાતે મળનાર હોઈ અચૂક પધારવા નિમંત્રણ છે. બેઠક પહેલા ભોજન પ્રસાદનું આયોજન કરેલ છે.

લિ.
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
સે.૧૨, ગાંધીનગર

# ન્યુઝીલેન્ડમાં ૧૦ વર્ષ બાદ વનડે શ્રેણી જીતી ભારતે ઈતિહાસ રચ્યો

**ત્રીજી વનડે મેચ ભારતની શ્રેણીમાં ૩-૦ની મહત્વપૂર્ણ લીડ : ન્યુઝીલેન્ડના ૨૪૩ રનના જવાબમાં ભારતીય ટીમે ૪૩ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૨૪૫ રન કર્યા : રોહિત, કોહલી, રાયડુ તેમજ કાર્તિક છવાઈ ગયા**

માઉન્ટ, તા. ૨૮

માઉન્ટ ખાતે આજે રમાયેલી ત્રીજી વનડે મેચમાં પણ ભારતે ન્યુઝીલેન્ડ ઉપર જીત મેળવી હતી. આની સાથે જ ભારતે પાંચ વનડે મેચોની શ્રેણી ૩-૦થી જીતી લીધી હતી. ભારતની ન્યુઝીલેન્ડ ઉપર હેટ્રિક જીત થઈ હતી. માઉન્ટ મોનગાનુઈમાં રમાયેલી ત્રીજી મેચમાં ભારતીય ટીમે જોરદાર દેખાવ કર્યો હતો. યજમાન ટીમ ૪૯ ઓવરમાં ૨૪૩ રન કરીને ઓલઆઉટ થઇ ગઈ હતી. ત્યારબાદ રોહિત શર્માના ૬૨ અને વિરાટ કોહલીના ૬૦ રનની મદદથી ભારતે ૪૩ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને જીતવા માટેના જરૂરી રન ૨૪૫ રન કરીને મેચ જીતી લીધી હતી. આની સાથે જ ભારતે ન્યુઝીલેન્ડમાં ૧૦ વર્ષના લાંબાગાળા બાદ દ્વિપક્ષીય શ્રેણી પોતાના નામ ઉપર કરી હતી.

આ પહેલા વર્ષ ૨૦૦૯માં પોતાના નામ ઉપર શ્રેણી કરી હતી. રોહિત શર્મા અને વિરાટ કોહલી ઉપરાંત શિખર ધવને ૨૮ અને રાયડુએ અણનમ ૪૦ રન કર્યા હતા. દિનેશ કાર્તિક ૩૮ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. શ્રેણીની ચોથી વનડે મેચ ૩૧મી જાન્યુઆરી અને પાંચમી વનડે મેચ ત્રીજી ફેબ્રુઆરીના દિવસે રમાશે. આ બંને મેચોના પરિણામની હવે શ્રેણી ઉપર કોઈ અસર થશે નહીં. યજમાન ટીમ માટે ટ્રેન્ટ બોલ્ડે બે વિકેટ ઝડપી હતી જ્યારે મિશેલ સેન્ટનરે એક વિકેટ ઝડપી હતી. નિષ્ક્રિય વિકેટ ઉપર ૨૪૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમની શરૂઆત સારી રહી હતી. રોહિત શર્માએ જામી જવા માટે સમય લીધો હતો પરંતુ ત્યારબાદ આક્રમક બેટિંગ કરી હતી. જ્યારે ધવને બ્રેસવેલની ઓવરમાં ત્રણ ચોગ્ગા ફટકાર્યા હતા. શિખર ધવન ૨૮ રન કરીને આઉટ થયો હતો. ત્યારબાદ રોહિત શર્મા અને વિરાટ કોહલીએ બીજી વિકેટની ભાગીદારીમાં ૧૧૩ રન ઉમેર્યા હતા. રોહિતે ૬૩ બોલમાં વનડે કેરિયરની ૩૯મી સદી ફટકારી હતી જ્યારે ૫૦ રન બનાવ્યા ત્યારે વિરાટ કોહલીએ પણ એક સિદ્ધિ મેળવી હતી. રોહિત શર્મા સદીની તરફ વધી રહ્યો હતો ત્યારે ૨૯મી ઓવરમાં સેન્ટનરની બોલિંગમાં સ્ટમ્પ આઉટ થયો હતો. રોહિત શર્માએ ૬૨ રન ૭૭ બોલમાં બનાવ્યા હતા જેમાં ત્રણ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે.

## મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડમાં પણ લોકસભાની ચૂંટણીની સાથે ચૂંટણી યોજાવાની સંભાવના

નવી દિલ્હી,તા. ૨૮

કોંગ્રેસ પાર્ટીએ લોકસભાની ચૂંટણીની સાથે જ ત્રણ રાજ્યોમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીને લઈને તૈયારી હાથ ધરી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ભાજપ શાસિત રાજ્યો મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી લોકસભાની ચૂંટણી સાથે જ યોજાનાર છે. પાર્ટીને લાગે છે કે એપ્રિલ-મે મહિનામાં યોજાનાર લોકસભાની ચૂંટણી દરમિયાન જ આ ત્રણેય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટૅણી યોજાનાર છે. ત્રણેય રાજ્યોમાં વિધાનસભાની અવધિ આ વર્ષના અંતમાં પૂર્ણ થઇ રહી છે. કોંગ્રેસની કેન્દ્રિય નેતાગીરી અને રાજ્ય કમિટીઓ લોકસભા ચૂંટણીની સાથે સાથે રાજ્ય વિધાનસભાની ચૂંટણીને લઈને રણનિતી બનાવવામાં લાગી ગઈ છે. મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડમાં સમય પહેલા વિધાનસભાની ચૂંટણી યોજાય છે તો પાર્ટી દ્વારા આકસ્મિક યોજના પર પણ કામગીરી શરૂ કરી રહી છે. કોંગ્રેસ છાવણી માને છે કે હરિયાણા અને મહારાષ્ટ્રમાં ભાજપના સમીકરણ અને કેટલીક મજબુરી નિર્ધારિત સમય કરતા પહેલા ચૂંટણી યોજવા માટે સંકેત આપે છે. જો કે કેન્દ્ર સરકાર અને ભાજપ દ્વારા આ સંબંધમાં હજુ કોઈ વાત કરવામાં આવી નથી. કોંગ્રેસી નેતાઓ માને છે કે હરિયાણામાં મનોહર લાલ ખટ્ટર સરકાર ઓક્ટોબરમાં યોજાનાર ચૂંટણીમાં પૂર્ણ તાકાત સાથે ઉતરી શકે તેવી સ્થિતીમાં નથી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225